AHMEDABAD, SATURDAY, OCTOBER 20, 2018 | VOL.NO-4, ISSUE NO-1 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-

RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



**વર્ગખંડમાં હાજરીઃ પૂર્વ પ્રાથમિકમાં પણ જરૂરી**

એક વખત હું અન્ય માતા-પિતાની જેમ મારા સંતાન માટે વેકેશનની રજાઓને થોડીક વધારે લંબાવવા રજા ચીઠ્ઠી આપવા શાળામાં ગયો હતો. આચાર્ય સાથે મુલાકાતનો સમય આવતાં હું તેમની કચેરીમાં ગયો. આચાર્યે મને કેટલાક પ્રશ્નો પૂછ્યા. પેજ ૩




**'જે ચેતીને ચાલે એને પસ્તાવાનો વારો કદી ન આવે'**

એક જંગલ હતું. એ જંગલમાં એક શિયાળ ગુફા બનાવીને રહેતું હતો. શિયાળ દિવસે શિકાર કરવા જંગલમાં રખડે ને સાંજે ગુફામાં આવીને સૂઈ જાય. પેજ ૪-૫



**આ દિવાળી કેવી રીતે ઊજવીશું!**

આસો વદ અમાસે આનંદ, ઉલ્લાસ અને ઉમંગથી દિવાળીની ઊજવણી કરવામાં આવે છે. દિવાળીને પ્રકાશનો પર્વ કહેવામાં આવે છે. ભગવાન રામના અયોધ્યામાં પુનરાગમનની યાદમાં સદીઓથી આપણે દિવાળીનો તહેવાર ઊજવીએ છીએ. પેજ ૭



**જેઈઈ મેઈનની ઓનલાઈન પરીક્ષાઃ સમસ્યાઓ અને ઉકેલ**

વર્ષ ૨૦૧૮ પહેલાં એન્જિનિયરિંગના ઉમેદવારો જેઈઈ મેઈનમાં ઓફલાઈન પરીક્ષાની પસંદગી કરી લેતા હતા અને ઓનલાઈન પરીક્ષા આપવામાંથી બચી જતા હતો. પેજ ૮

**પ્રાચીન ગુરુકુળમાં વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે જીવનમાં વ્યવહારુ કુશળતા પણ શીખતા જ્યારે આજે શાળાઓમાં માત્ર પરીક્ષા આધારિત ભણતર પર ભાર અપાય છે.**

# પદવી લક્ષિત અભ્યાસક્રમ અંગે પુનઃ વિચારણાનો સમય આવી ગયો છે



**રોહિત દવે**
www.religiousgujarat.com
ચીફ એક્ઝ્યુક્યુટિવ ઓફિસર છે.

વિશ્વના સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા અર્થતંત્ર, ભારતને વૈશ્વિક નજરે શિક્ષણ પ્રણાલીની દ્રષ્ટિએ ગરીબ દેશ માનવામાં આવે છે. ભલે આપણે સૌ ભારતીય છીએ પરંતુ, આપણને કોઈને પણ ભારતની શિક્ષણ પ્રણાલી પર સંપૂર્ણ વિશ્વાસ નથી. સૌ કોઈને લાગે છે કે એજ્યુકેશન સિસ્ટમની અવ્યવસ્થા શંકાસ્પદ તો છે જ. વર્તમાન સમયની સરખામણીમાં ગુરૂકુળ સંચાલિત પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા વૈજ્ઞાનિક શોધ, નવીન વિચારો અને તકનીકમાં આગળ હતી. આ જુના સમયને વર્તમાન સિસ્ટમ સાથે સરખાવામાં આવે તો આજની પેઢી અનેક ગણી પછાત છે. આધુનિક સમય તકનીકની દષ્ટિએ અનેક ગણો આગળ હોવા છતાં ભારતમાં આવી પરિસ્થિતિ કેમ સર્જાઈ છે તેવો સવાલ આપણા મનમાં ઊભો થવો સ્વાભાવિક છે. એકતરફ લોકમત એ છે કે બ્રિટિશરો દ્વારા સ્થાપિત નવી આધુનિક શિક્ષણ વ્યવસ્થા ઉત્તમ કક્ષાની છે અને જુની વ્યવસ્થા કરતા અનેક ગણી સારી છે તો પછી વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં સૌ કોઈને કેમ શંકા ઉભા થઈ રહી છે? શા માટે કંઈક ખૂટતું હોય તેવું લાગી રહ્યું છે ?

ભારતમાં સાક્ષરતાનો દર ખૂબ જ ઉંચો છે અને ખાસ કરીને ૨૧મી સદીના આ ચાલુ બીજા દસકામાં ભણતરના વધેલા પ્રાધાન્ય છતાં ભારતમાં કોઈ ખાસ શિક્ષણની અદ્વિતિય ક્રાંતિ જોવા નથી મળી. લોકોનું શિક્ષણ વધ્યું પ રંતુ, વ્યકતિગત શૈક્ષણિક સ્તરમાં સુધારો કેમ ન આવ્યો. લોકો સાક્ષર બન્યાં પરંતુ, કોઈ ખાસ સંશોધન, નવીનીકરણ, નવોદિત વિચાર કે અદભુત સિદ્ધિ ભારતમાં જન્મ નથી પામી. તેની પાછળ મુખ્ય જવાબદાર કારણ આપણી હાલની પદવી આધારિત શિક્ષણ પ્રણાલીનો ઉદેશ છે. આ વ્યવસ્થા માત્ર કાર્યાન્વિત કર્મચારીઓને જ બહાર કાઢે છે, તેમાં સ્વતંત્ર અને સર્જનાત્મક વિચારકોને કોઈ મહત્વનો અવકાશ નથી આપવામાં આવતો. ૧૭ વર્ષની વયે બાળક કોઈ વ્યવહારુ કુશળતા અથવા અન્ય વિશિષ્ટ કળા વિના જ શાળામાંથી બહાર નીકળે છે. આજના જમાનામાં હવે શિક્ષણ પાર્ટ ટાઇમ પ્રવૃત્તિ બની ગઈ છે અને જીવન જરૂરી આવડતો-જીવન ઘડતરના પાઠો શીખવાને બદલે પરીક્ષાના હાઉ સાથે પ્રથમ કોણ-પ્રથમ કોણની રેસ બનાવી દીધી છે. શિક્ષણ વ્યવસ્થાના એવા દીર્ધકાળમાં આપણે ઉભા છીએ, જ્યાં આપણે આપણા પીઢ પરંપરાગત મૂલ્ય આધારિત શિક્ષણ અને આધુનિક શિક્ષણ સિદ્ધાંતની સમજ વચ્ચે સમતુલન જાળવવું પડશે અને બંને વચ્ચેનો કોઈ યોગ્ય રસ્તો કાઢવો પડશે.

ભારતીય ઈતિહાસના સૌથી વધુ પ્રેરણાદાયક રાષ્ટ્રપતિ અને સૌના માનીતા સ્વ. ડોક્ટર એપીજે અબ્દુલ કલામ સમગ્ર જીવન દરમિયાન અને ભારતના પ્રથમ નાગરિક બન્યાં બાદ તો ખાસ બાળકોના ભણતર પર ભાર આપતા રહ્યાં હતા. ભારતના કે દુનિયાના કોઈ પણ ખૂણે તેઓ જાય, ત્યાં બાળકો સાથે વાર્તાલાપ કરવાની તક ચુકતા નહોતા. ડૉ. કલામ માનતા હતા કે આપણી શિક્ષણ પ્રણાલીમાં જ્ઞાનની સાથે વ્યવહારિકતાના સંદર્ભમાં કેટલાક સુધારાની તાતી જરૂર છે.



'લોકોના રાષ્ટ્રપતિ'નું બહુમાન મેળવનાર કલામે એક વખત કહ્યું હતુ કે બાળકો ઉચ્ચ માધ્યમિકનો અભ્યાસ પૂરો કરે છે, ત્યારે તેમની પાસે બે પ્રમાણપત્ર હોવા અત્યંત જરૂરી છે, એક ૧૦+૨ની પરીક્ષામાં ઉતીર્ણ થવાનું પ્રમાણપત્ર મેળવવાની સાથે કોઈ ચોક્કસ વ્યાવસાયિક કુશળતા પ્રાપ્ત કર્યાનું પ્રમાણપત્ર.

આજકાલની પેઢી દરેક બાબતમાં ઉતાવળી બની છે. આપણી સૌની કમનસીબી છે કે આપણે કોઈપણ પરંપ રાગત પદ્ધતિ અને પ્રણાલીને સમજ્યાં વગર જ તેના વિરૂદ્ધ તિસ્કારની ભાવના દર્શાવીએ છીએ. સમજણ કેળવ્યાં પૂર્વે જ આપણે તેને નકારી દઈએ છીએ. પ્રાચીન ગુરૂકુલ એક સાકલ્યવાદી, ઘરેલું, નિવાસી વ્યવસ્થા હતી જ્યાં બાળકોએ ફક્ત તેમના શૈક્ષણિક પાઠ જ નહિ પણ ઘણી બધી વ્યવહારુ અને ઉપયોગી કુશળતા પણ શીખતા હતા. આજકાલનું ભણતર માત્ર પરીક્ષા આધારિત બની ગયું છે. ગુરૂકુળ પ્રથામાં શિષ્યો શિસ્ત અને કઠોરતા સાથે જોડાયેલા હતા જેથી તેઓ સમય પહેલાં અને ક્ષમતાઓ વધુ હાંસલ કરી શક્યાં છે. ગુરૂકુળમાંથી ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પ્રાચીન વિશ્વના મહાન શાસકો, વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ અને તત્ત્વચિંતકો બન્યા હતા. આપણી પ્રાચીન શિક્ષણપ્રથા એટલી મજબૂત અને સુદ્દઢ હતી કે દેશ-વિદેશમાંથી અનેક અક્કલમંદ લોકો ભારતીય પ્રથા મુજબ શિક્ષણ લેવા અને શીખવા ભારત આવે છે અને આપણા દેશના લોકો જ તેને ધિક્કારી રહ્યાં છે, જે એક શરમની વાત છે.

માત્ર જુના-નવાનો જ ફેર હવે શિક્ષણમાં નથી જોવા મળી રહ્યો. તેના કરતા પણ વધુ હવે ભાષાનો પણ વિક્ષેપ ભયજનક સાબિત થઈ રહ્યો છે. સૂચનાના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાઓ ધીરે ધીરે વિસ્મરી રહી છે. અંગ્રેજી માધ્યમની શાળાઓને મોટા પ્રમાણમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તેમાં કોઈ પણ શક નથી કે આજની આધુનિક દુનિયામાં અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક અને ફરજિયાત છે પરંતુ, દરેક ક્ષેત્રે હવે માત્ર અંગ્રેજી ભાષા જ પોતાનું પ્રભુત્વ જમાવી રહી છે,જે ચિંતાનો વિષય બની શકે છે. આ આપણા સૌની ભૂલ છે કે અંગ્રેજી આપણી માતૃભાષાનું સ્થાન લઈ શકે છે, પ્રાદેશિક ભાષાનું મહત્વ અનન્ય છે. અંગ્રેજી એક ઉચ્ચ માપદંડ હોઈ શકે છે પરંતુ, અંગ્રેજી જ સર્વોપરી છે તે માન્યતા ખોટી છે, પ્રાદેશિક ભાષા આપણું સ્વમાન ગણાય.

હકીકતમાં ઘણા શૈક્ષણિક નિષ્ણાતો માને છે કે બાળકનું પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં શ્રેષ્ઠ હોઈ શકે છે. જો પાયો જ મજબૂત રાખવામાં આવે તો બાળકો વિદેશી ભાષા તેમજ તેના વ્યાખ્યાન બંનેના જોખમ સામે રક્ષણ મેળવવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. કોઈપણ વ્યક્તિની અંગત ખૂબી અને રચનાત્મકતા તેની મધર ટંગ થકી જ જોવા મળી શકે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ભારતીય ઈતિહાસનું અનન્ય નામ, રવિન્દ્રનાથ ટાગોરને નોબલ પારિતોષિક 'ગીતાંજલી' માટે મળ્યો હતો અને ગીતાંજલી તેમણે સૌપ્રથમ બંગાળી ભાષામાં જ લખી હતી. બંગાળીમાં લખાયેલ આ પુસ્તકનું ત્યારબાદ અનેક ભાષાઓ, મુખ્ય તો અંગ્રેજીમાં પણ ભાવાનુવાદ કરવામાં આવ્યું છે.

નિષ્કર્ષ પર જઈએ તો, ભારતની શિક્ષણ પ્રણાલી પર આપ ણે સૌએ માત્ર અપ્રાસંગિક રીતે નહી પણ વ્યવસ્થિત રીતે મનોમંથન કરવું જરૂરી બન્યું છે. વર્તમાન ચલણના પદવી લક્ષિત અભિગમથી આપણે પરંપરાગત મૂલ્ય આધારિત અભિગમ તરફ પરત ફરવું પડશે, તે જ આપણને ફરી શ્રેષ્ઠ ભારત તરફ દોરી જશે. આ જ એકમાત્ર અને ઉચ્ચ વિકલ્પ આપણી પાસે છે જે ભારતને અને ભારતીયોને વૈચારિક ઉચ્ચતમ આયામ પર પહોંચાડી શકે છે, નવીનિકરણમાં નવા આયામ પર પહોંચાડે અને સર્જનાત્મક્તામાં ફરી મોખરે પહોંચાડી શકે છે. માતા શારદા આગળ આપણા પથને પ્રકાશ આપે..!!

## ગાંધી જયંતિની ઊજવણીના ભાગરૂપે દિવાનબલ્લુભાઈ શાળાએ સ્વચ્છતા સપ્તાહનું આયોજન કર્યું







સ્વચ્છ શાળા, સ્વચ્છ ગામ, સ્વચ્છ ભારત સુધીના સ્વપ્નને સાર્થક કરવા દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા અંગ્રેજી માધ્યમ પ ાલડીના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા સપ્તાહનું આયોજન કર્યું, તેમાં પ્રથમ દિવસે પ્રભાત ફેરી સહિત શાળાના પટાંગણમાં સાફ સફાઈ, દ્વિતીય દિવસે પાલડીની શેરીની સફાઈ, તૃતીય દિને સ્વચ્છતા રેલી, ચતુર્થ દિને પ્રાર્થના સભા તથા ગાંધીજીના વિચારોનું વાંચન, પંચમ દિને સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે ક્વિઝ કોમ્પિટીશન, છઠ્ઠા દિવસે ગાંધીજીના કાર્યો પર ચિત્ર હરિફાઈ અને સાતમાં દિવસે દાંડી યાત્રાની ઝાંખીઓ દ્વારા તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અપાઈ.આઝાદીનું મૂલ્ય સમજી ભારતને અગ્રિમતા તરફ લઇ જવા વિદ્યાર્થીઓ કટિબદ્ધ થયા.સાથેજ તેમનામાં 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના ગુણ પણ ઉતર્યા. અસ્તુ સદા શિવોહમ્



## 'દશેરા પર્વ નિમિત્તે' શ્રી સ્વામિનારાયણ સંસ્થાન, મણિનગરના આચાર્યશ્રી મહારાજે વડાપ્રધાન મોદીને શુભાષિશ આપ્યા

દશેરાના પર્વ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સંસ્થાન, મણિનગરના આચાર્યશ્રી પુરુષોત્તમદાસજી સ્વામીજી મહારાજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભાષિશ પાઠવ્યા હતા. આચાર્ય સ્વામીજી મહારાજે વડાપ્રધાન સાથે રાષ્ટ્રના વિકાસ માટે અને ભારતીય સનાતન વૈદિક સંસ્કૃતિના રક્ષણ માટે ચર્ચા કરી હતી.

## જૂનાગઢની સરસ્વતી શાળામાં નવરાત્રીની ઊજવણી માટે સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજાયો





જૂનાગઢમાં માંગનાથ માર્ગ પર આવેલી સરસ્વતી શાળાએ નવરાત્રીની ઊજવણીના ભાગરૂપે શાળામાં વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું, જેમાં આરતીની થાળીની સજાવટ, દાંડિયાની સજાવટ, દીવડાની સજાવટની સ્પર્ધાઓ યોજાઈ હતી તેમજ રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાત્મક કાર્યક્રમોમાં નિર્ણાયકો તરીકે ગોપીબેન શાહ, સ્નેહાબેન દત્તા અને શ્રુતિબેન સાંગાણીએ સેવા આપી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. શાળા સંચાલકો પ્રદીપભાઈ ખીમાણી, જગદીશભાઈ ખીમાણી, નરેશભાઈ ખીમાણી, રઘુભાઈ ખીમાણી અને સાગરભાઈ ખીમાણીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## ગાંધી જયંતિ : ગેલેક્ષી ગ્લોબલ શાળા તથા રામેશ્વર શિક્ષણ સંકુલ દ્વારા પ્રભાતફેરી યોજાઈ



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે નિકોલ ગામની ગેલેક્ષી ગ્લોબલ સ્કૂલ તથા રામેશ્વર શિક્ષણ સંકુલના તમામ સ્ટાફ દ્વારા નિકોલ વિસ્તારમાં ગાંધીજીના બેનરો સાથે પ્રભાતફેરી તથા સર્વધર્મ પ્રાર્થના યોજવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી તથા ટ્રસ્ટીશ્રીએ ગાંધીવિચારોનું વાંચન કરીને કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ગાંધીજીના પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ... નું ગાન કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફમિત્રોએ સર્જનાત્મક અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.









## દિવાનબલ્લુભાઈ સ્કૂલ દ્વારા કમ્પોસ્ટ ખાતર તૈયાર કરાયું

પર્યાવરણની જાળવણી માટે એક દાયકા કરતાં વધુ સમયથી જાગૃત શહેરની દિવાનબલ્લુભાઈ સ્કૂલે તેના આ અભિયાનની સાથે સ્વચ્છતા અભિયાનને પણ ખૂબ જ કુશળતાપૂર્વક સાંકળી લીધું છે. સ્કૂલ પરીસર અને આજુબાજુના વિસ્તારને સ્વચ્છ રાખવાના આશયથી સ્કૂલના વિદ્યાર્થીઓએ એક વર્ષમાં પરીસર તથા આજુબાજુના વિસ્તારોમાંથી ૭૦ કિલો સૂકા પાંદડા, છાંણાં, કાગળના ટૂકડા, નકામો કચરો વગેરે એકત્ર કરી કમ્પોસ્ટ ખાતર બનાવ્યું છે. સ્કૂલના 'હર્બલ ગાર્ડન'માં વૃક્ષારોપણ સમયે આ ખાતરનો ઉપયોગ કરાશે. સંચાલકો અને સ્ટાફ મિત્રોના સહયોગથી તેમજ શ્રી ઉર્વિશ કુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ સ્કૂલના વિદ્યાર્થીઓએ પર્યાવરણની જાણવી માટે કટીબદ્ધ છે.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

કિન્ડરગાર્ટન અથવા પ્રાથમિક શાળામાં ગેરહાજરી જરૂરી નથી તેવું તમે માનતા હોવ તો ખોટું છે, નાના વિદ્યાર્થીઓ પણ વર્ગખંડમાં પાયારૂપ અનેક બાબતો શીખે છે

# વર્ગખંડમાં હાજરી: પૂર્વ પ્રાથમિકમાં પણ જરૂરી



**સાલ્લા વિજયકુમાર**
તેઓ તર્કશાસ્ત્રમાં માસ્ટર્સ છે તથા હાલમાં મેનેજમેન્ટમાં ડોક્ટરેટનો અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણ, હોસ્પિટાલિટી અને લેખનમાં તેમના કામ બદલ તેમણે રાષ્ટ્રીય સ્તરે વિવિધ પુરસ્કારો મેળવ્યા છે.



એક વખત હું અન્ય માતા-પિતાની જેમ મારા સંતાન માટે વેકેશનની રજાઓને થોડીક વધારે લંબાવવા રજા ચીઠ્ઠી આપવા શાળામાં ગયો હતો. આચાર્ય સાથે મુલાકાતનો સમય આવતાં હું તેમની કચેરીમાં ગયો. આચાર્યે મને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તમે કોણ છો ? અહીં શા માટે આવ્યા છો ? તમારું સંતાન કયા ધોરણમાં અભ્યાસ કરે છે ? આ પ્રશ્નોના જવાબ આપવા સરળ હતા, જે મેં આપ્યા. મને તુરંત આચાર્યનો વળતો જવાબ મળ્યો 'એમ.બી.બી.એસ.!' તેમનો જવાબ સાંભળી મને આશ્ચર્ય થયું. મારા બાળક અને એમબીબીએસને શું સંબંધ તે હું સમજી ન શક્યો. તેથી હું મુંઝવણમાં ત્યાં જ ઊભો રહ્યો. મારી સ્થિતિ સમજીને આચાર્યે કહ્યું, 'તમારા બાળકને તમારી ઊંચાઈએથી ન જોશો. પોતાની જાતને નીચી લાવી તેની દૃષ્ટિએ તેના તરફ નજર કરો. તમે જ્યાં ઊભા છો ત્યાંથી તમને કદાચ પ્રાથમિક શિક્ષણ કોઈ મોટી વાત નહીં લાગે, પરંતુ તમે તમારા કામમાં જેટલું દબાણ, તણાવ અને જટીલતા અનુભવો છો, એક બાળક પણ તેના કામમાં તેવો જ અનુભવ કરે છે. તમે માત્ર એવું ન માનશો કે રજાના સમયમાં બાકી રહી ગયેલી નોંધ બીજા વિદ્યાર્થીની નોટબૂકમાંથી નકલ કરી લેશો એટલે કામ પતી જશે. બાળક વર્ગખંડમાં શારીરિક અને માનસિક રીતે હાજર રહીને જે સમજ કેળવી શકે છે તે નોટબૂકની નકલમાંથી નહીં કેળવી શકે.'

તે સમયે માતા-પિતા તરીકે સંતાનોના ઉછેર અંગેની ટીકાથી હું થોડોક નારાજ થયો, પરંતુ ઘરે પહોંચીને આ અંગે મેં વિચારવાનો પ્રયાસ કર્યો. ત્યાર બાદ મેં એવો અભિગમ કેળવ્યો કે શાળા ચાલુ હોય ત્યારે મારા સંતાનો શાળામાં જ હોય, ગેરહાજર ન રહે.


અનેક શિક્ષકો વર્ગખંડને યુદ્ધનું મેદાન અને વિદ્યાર્થીઓને લડવૈયા ગણાવે છે, જેમણે હંમેશા યુદ્ધ જીતવા માટે તૈયાર રહેવું જોઈએ. માતા-પિતા માટે શાળા ભલે બાળકોની રમત જેવી લાગતી હોય પરંતુ આપણે શિક્ષણના વિવિધ તબક્કાઓ દરમિયાન તૈયારી, આયોજન, અમલ અને પ્રયોગ માટે કરવી પડતી સખત મહેનતને ભૂલી જઈએ છીએ. બાળકો શાળામાં સતત વિવિધ પ્રકારના પડકારોનો સામનો કરતા હોય છે, જેની નિઃશંકપણે સમસ્યાઓ ઉકેલવાની તેમની ક્ષમતા અને તેમના આત્મવિશ્વાસ પર અસર થતી હોય છે. અનેક પરિવારો કદાચ એમ માનતા હશે કે કિન્ડરગાર્ટન અથવા પ્રાથમિક શાળામાં ગેરહાજરી કોઈ મોટી વાત નથી, પરંતુ શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે પાછળના અભ્યાસક્રમ માટેનો પાયો તૈયાર કરવા માટે પ્રાથમિક શિક્ષણ ખૂબ જ મહત્વનું છે. આવા સમયે બાળકો વારંવાર શાળામાં ગેરહાજર રહે તો તેઓ અભ્યાસમાં પાછા પડી શકે છે. કેટલાક સંશોધકો અને અભ્યાસ મુજબ કિન્ડરગાર્ટનમાં ગેરહાજરીના દિવસો પાછળના ધોરણોમાં વિદ્યાર્થી દ્વારા શાળામાંથી ગાપચી મારવાના સંકેત આપે છે તેમજ વિદ્યાર્થીઓના શિક્ષણ પર નકારાત્મક અસર કરે છે અને તેમના શાળાકીય અભ્યાસક્રમને મુશ્કેલીમાં મુકી શકે છે. શાળા વિદ્યાર્થીઓ માટે માત્ર શીખવા માટેની એક જગ્યા જ નથી પરંતુ તે એક એવી મહત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે, જે બાળકોના વિકાસમાં, તેમની પ્રતિભા વિકસાવવામાં અને તેમનું ચરિત્ર ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વર્ગખંડમાં હાજર રહીને બાળક અનેક પ્રવૃત્તિઓ શીખી શકે છે, જેમાં લોકોનું સંચાલન કરવાની કળાના ખ્યાલોની મૂળભૂત સમજથી લઈને સમયના સંચાલનનો સમાવેશ થાય છે. આમાં કેટલીક પ્રવૃત્તિઓ તો માતા-પિતાઓ માટે પણ પડકારજનક છે, તેથી વિચારો કે તમારા સંતાનો માટે તે કેટલું મુશ્કેલ હશે. આ વિદ્યાર્થીઓ તો નિર્દોષ અને અપરીપક્વ હોય છે. તેમને શાળા, ગૃહકાર્ય, પરીક્ષા અને સહાધ્યાયીઓ સાથેના કામ, સંઘર્ષ, સત્તા, સમય વગેરેનો કોઈ અનુભવ નથી હોતો. આપણે માતા-પિતા અને શિક્ષકો તેમને દરેક નાની વાતો શીખવાડીએ છીએ, કારણ કે આપણે તે તબક્કામાંથી પસાર થઈ ગયા છીએ અને તે શું છે તે બાબત જાણીએ છીએ. જોકે, આ વિદ્યાર્થીઓ તો આ બધી જ પ્રક્રિયાથી અજાણ હોય છે તેમ છતાં તેઓ કામ કરવા તૈયાર છે. વિદ્યાર્થીઓ ક્રમશઃ શાળાના વાતાવરણમાં શીખવાનું શરૂ કરે છે. તેઓ અનેક વસ્તુઓ સૌપ્રથમ વખત કરતાં હોય છે અને પ્રતેક સારા પરીણામમાંથી આત્મવિશ્વાસ મેળવે છે. ધીરજ અને પ્રયાસ સાથે વિદ્યાર્થીઓ શિક્ષણ, કામ, પરીક્ષા, નિયમો, રમત અને મિત્રો વચ્ચે સંતુલન બનાવાનું શીખે છે. ધીમે ધીમે તે શાળા જીવનના દરેક પાસાઓને યોગ્ય મહત્વ આપવા માટે સમય પાલન અને તેના સમયનું આયોજન કરવાનું શીખે છે. એક પુખ્ત વયની વ્યક્તિ તરીકે માતા-પિતા જાણે જ છે કે આપણી ફરજો અને જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવવું એ કેટલું મુશ્કેલ છે. એ જ રીતે આ નાના લડવૈયાઓ પણ દરરોજ બિનઆયોજિત અને અનપેક્ષિત નવા પડકારોનો સામનો કરે છે. તેઓ તેમના અનુભવના આધારે આ પડકારોનો ઉકેલ લાવવાનું શીખે છે અને ભવિષ્યમાં આવી સમસ્યાઓમાં શું કરવું જોઈએ તે પણ તેઓ શીખે છે. આચાર્યએ મને જેમ કહ્યું તેમ આપણે પણ બાળકો આપણા જેવી જ સમસ્યાઓનો સામનો કરતા હોય છે. બધા જ લોકો તેમની તાકત અને ઉપલબ્ધ તકોની મદદથી તેમની ક્ષમતાઓના આધારે તેમની નબળાઈઓમાંતી બહાર આવવા તેમનું પોતાનું યુદ્ધ લડી રહ્યા છે. આ નાના બાળકો પણ તેના માટે તૈયાર છે અને તેમને માત્ર માતા-પિતા અને શિક્ષકો તરીકે આપણી પાસેથી થોડીક સહાય અને માર્ગદર્શનની જરૂર છે. આપણો સહયોગ તેમને માત્ર તેમના વર્ગખંડ અને શાળા કામમાં મદદરૂપ થવા માટે જ નહીં, પરંતુ ભવિષ્યના વયસ્ક તરીકે તેમના જીવન, પરિવાર અને કામમાં પણ તેમના જીવનની કુશળતાઓ વિકસાવવામાં મદદરૂપ થશે.

અંતે હું માતા-પિતાઓને એટલી જ વિનંતી કરવા માગું છું કે શાળામાં તમારા સંતાનની ગેરહાજરીને હળવાશથી ન લેશો અને તમારું બાળક કોઈપણ ધોરણમાં કેમ ન હોય તે નિયમિત હાજર રહે તેની ખાતરી રાખો. બીજી બાજુ શિક્ષકોને પણ વિનંતી છે કે તેમણે પણ એ સમજવું પડશે કે તેમના વર્ગખંડોમાં બાળકો માત્ર પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમો જ નથી શીખતા પરંતુ તેઓ જીવનના મહત્વના પાઠ પણ શીખે છે. તેથી શાળાના વર્ગખંડો બાળકો માટે આવકારદાયક અને માહિતીપ્રદ હોવા જોઈએ. શાળાના આચાર્ય અને ટ્રસ્ટીઓએ પણ શાળામાં એવું વાતાવરણ વિકસાવવું જોઈએ, જેમાં વિદ્યાર્થીઓ આવકાર અને સલામતી અનુભવે. તેમને દરરોજ શાળાએ જવાની આતુરતા હોય. વિદ્યાર્થીઓ એ બાબત અનુભવી શકે કે દરરોજ જ્યારે તે પથારીમાંથી ઊઠે છે ત્યારે આજે શાળામાં કંઈક નવું શીખવા મળશે તેવી તેની આશા પૂરી થતી હોય. અંતે, મને આશા છે કે આ લેખ વાંચતા યુવાન વાચકો એ સમજી શકશે કે શાળામાં કેટલાક દિવસની ગેરહાજરી તેમના શિક્ષણ અને ભવિષ્યની સફળતા પર કેટલી અસર કરી શકે છે.


## લાંબા સમયની ગેરહાજરી અંગેની કેટલીક હકીકતો


- આ અંગેના પુરાવા એકદમ સ્પષ્ટ નથી, પરંતુ કિન્ડરગાર્ટનથી લઈને ઉચ્ચતર માધ્યમિક શાળા અને મહાવિદ્યાલય સુધીના અભ્યાસમાં વર્ગખંડમાં ગેરહાજરી ખૂબ જ સંવેદનશીલ બાબત છે. નાની શાળામાં પણ ગેરહાજરી અભ્યાસ પર નકારાત્મક અસર ઉપજાવે છે.
- લાંબો સમય ગેરહાજરી કિંડરગાર્ટનથી જ જોવામાં આવી શકે છે. આ માટે અનેક વખત નબળી આર્થિક પરિસ્થિતિ, શાળામાં હાજરી અંગે માતા-પિતાનું વલણ, બાળકમાં શાળા અંગેનો ભય, વર્ગખંડોનું બિનસાનુકૂળ વાતાવરણ, શાળાનું બિનઆવકદાયક વાતાવરણ પણ કારણભૂત હોઈ શકે છે.
- પ્રારંભિક અભ્યાસમાં લાંબા સમય સુધી ગેરહાજરીથી બાળકને વાંચનમાં તકલીફ પડી શકે છે અને પાછળના વર્ષોમાં અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત કરવાની તેની ક્ષમતા પર અસર પડી શકે છે. એક અમેરિકન અભ્યાસ મુજબ કિંડરગાર્ટન અને પહેલા ધોરણમાં લાંબો સમય ગેરહાજર રહેનાર માત્ર ૧૭ ટકા બાળકો જ ત્રીજા ધોરણમાં સારી વાંચન ક્ષમતા ધરાવતા હોય છે જ્યારે શાળામાં નિયમિત હાજરી ધરાવતા ૬૪ ટકા વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સારી હોય છે.
- ઓછી આવકવાળા પરિવારોના બાળકોમાં લાંબો સમય ગેરહાજરીનું પ્રમાણ વધુ હોય છે. તેમને વર્ગખંડમાં વાંચન માટે વધુ સમયની જરૂર હોય છે. વાંચન ક્ષમતા સુધારવા માટે શાળા બહાર તેમની પાસે સંશાધનોની ઉપલબ્ધતાની અછત હોય છે. પરીણામે, કમનસીબે ઓછી આવકવાળા પરિવારોના બાળકોમાં લાંબી ગેરહાજરીનું પ્રમાણ ચાર ગણુ વધુ હોય છે.
- અનેક વખત માતા-પિતા શાળામાં ગેરહાજરીની નકારાત્મક અસરો અને કેટલી ઝડપથી તે બાળકના અભ્યાસને મુશ્કેલીમાં મુકી શકે છે તે અંગે અજાણ હોય છે.
- વિદ્યાર્થીઓ વર્ગખંડમાં તેમની હાજરી નિયમિત કરે તો તેમની શૈક્ષણિક સમસ્યાઓ દૂર થઈ શકે છે.

## ટપકાં જોડી કલર પૂરો




## બે ચિત્રમાંથી સાત તફાવત શોધો





## ઉખાણા

ઝડપવાળો જમાદાર,
સવારી માંહે પૂરો
રથ-ગાડીમાં ઉપયોગી,
લડાઇ માંહે શૂરો

○ ગધેડું ○ ઘોડો ○ ઊંટ ○ જિરાફ

વાઘની હું માસી,
ને ઉંદરની છું કાળ,
ઘી-દૂધ વિના ન ખાઉં
કદી હું મોળો માલ

○ બિલાડી ○ શિયાળ ○ સિંહ ○ ઉંદર

ધરતીના પેટાળમાં ઊપસેલો તંબુ,
વાદળ સાથે વાતું કરતો, ઉપર લાગે ઠંડુ

○ દરિયો ○ પર્વત ○ ખીણ ○ ઝાડી

ઘરમાં ઘર તેમાં,
રમે કેસરિયો વર,
લાકડાં ખાઈ ખાઇને,
કાઢે ખાખી ગર

○ કોબી ○ લાઠી ○ ભઠ્ઠી ○ મેથી

કેરીનો ભાઇ વેરી,
તેણે ઘાઘરી પેરી,
શાકનો શત્રુ એ,
રાખો ખિસ્સામાં ઘેરી

○ પેન ○ ડાયરી ○ છરી ○ પૈસા

જવાબ: ઘોડો, બિલાડી, પર્વત, ભઠ્ઠી, છરી

## શબ્દો શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખ | ણે | સ | ઘ | દ | ન | ઐ | ક | ક | ણા | લ | ઘ |
| મા | ક | ણે | બં | કા | તિ | વા | ઘ | દ | મો | ક | વ |
| સ | વ | ક | મ | હા | ઓ | સ | કા | ક | તુ | સ | લા |
| ક | ર | જ | સિ | તી | ઝ | ત | ભો | ડ | ર | લ | મી |
| અ | લી | ક | ર | ર | લ | કા | ક્રો | વા | ઇ | વિ | હિ |
| ઐ | હા | ધ | દ | ક | ણે | ઈ | ર | શ | હા | ન | ળ |
| ખ | રા | બ | અ | લી | તુ | વા | વિ | શ | વિ | ઊ | મ |
| ણા | ક્ષ | જા | ન | સ | તી | દ | ઔ | ક્રો | કા | દ | કા |
| ઉ | ણ | ઇ | તિ | હા | સ | ઔ | ચા | અઃ | ળ | મા | આ |
| ક | પ | કુ | કા | બૂ | કી | ળ | દ | ણા | મા | ણે | ર |
| વ | ણિ | હા | ક્ષ | સ | અ | ઉ | ર | ઔ | દ | વ | ગં |
| ઘ | બૂ | તુ | ર | ઘ | અં | પ્રા | રી | ઘ | બા | દ | ન |

અજાણ
ઇતિહાસ
ઉપહાર
ઐતિહાસિક
ઓઝલ
કડવાશ
કદ
કમોસમી
કરજ
ખરાબ



## હસો અને હસાવો

### ડોક્ટર સાહેબ

**મનુ:** ડોક્ટર સાહેબ, તમારી સારવારથી મને ઘણો ફાયદો થયો છે.
ડોક્ટર ગટુ, મને એ યાદ નથી આવતું કે મેં તમારી ક્યારે સારવાર કરી હતી.
**મનુ:** તમે મારી નહીં, પરંતુ મારા કાકાની સારવાર કરી હતી. એ સ્વર્ગમાં સિધાવ્યા અને હું તેમનો એકમાત્ર વારસદાર હોવાથી તેમની બધીજ મિલકત મને મળી છે.

### મોર્નિંગ વોક


**નટુ:** અમારો કૂતરો ટોમી એટલો સમજદાર છે કે સવારે ફેરિયો આવે કે તરત જ છાપુ ઉઠાવીને અમારી પાસે લાવે છે અને તે પછી જ મોર્નિંગ વોક માટે જાય છે.
**ગટુ:** આ વાતની તો મને ખબર છે.
**નટુ:** પરંતુ તને કેવી રીતે ખબર પડી?
**ગટુ:** મારા કૂતરા બોબીએ મને બધી જ વાત કરી છે. ટોમી તેની સાથે જ મોર્નિંગ વોક માટે જાય છે.

### હિસાબમાં ભૂલ

**ગ્રાહક (દુકાનદારને):** તમે હિસાબમાં ભૂલ કરી છે, પાંચ રૂપિયા ઓછા આપ્યા છે, તમે ગ્રાહકોને છેતરતા શરમ નથી આવતી?
**દુકાનદાર:** પણ આ પહેલા મે તમને ભૂલથી પાંચ રૂપિયા વધુ આપ્યા હતા ત્યારે તો તમે કંઇ ન બોલ્યા.
**ગ્રાહક:** મારો નિયમ છે કે દરેક માણસને સુધરવાની એક તક જરૂર આપવી જોઇએ.

## બાળ વાર્તા

# 'જે ચેતીને ચાલે એને પસ્તાવાનો વારો કદી ન આવે'



એક જંગલ હતું. એ જંગલમાં એક શિયાળ ગુફા બનાવીને રહેતું હતો. શિયાળ દિવસે શિકાર કરવા જંગલમાં રખડે ને સાંજે ગુફામાં આવીને સૂઈ જાય.

એક દિવસ શિળાય ગુફાની બહાર શિકાર કરવા ગયો હતો ત્યારે ત્યાં એક અજાણ્યો સિંહ ફરતો ફરતો શિયાળની ગુફા પાસે આવ્યો. સિંહ બહુ આળસુ હતો. તેણે વિચાર કર્યો. ગુફા તો બહુ સરસ છે અત્યારે આ ગુફામાં હું બેસી જાઉં. જેની ગુફા હશે તે સાંજે આવશે એટલે તેને ખાઇ જઇશ. સિંહ ગુફામાં જઇને બેસી ગયો.

સાંજ પડવા આવી થોડી વારમાં શિયાળ આવ્યો. શિયાળે જોયુ તો ગુફા તરફ જતાં સિંહના પગલાની છાપ હતી. શિયાળ તો બહુ ચતુર હતો. શિયાળે વિચાર્યું કે ગુફામાં જતા સિંહની છાપ દેખાય છે પણ બહાર નીકળતા સિંહના પગલા દેખાતા નથી.માટે સિંહ ગુફામાં જ છે. શિયાળ ચેતી ગયું. તેણે નક્કી કર્યું, અત્યારે ગુફામાં જવાય નહિં. અને હું જઇશ તો સિંહ મને ખાઇ જશે. તેથી શિયાળ ગુફાથી થોડે દૂર જઇને બેસી ગયો. થોડી વાર થઇ ગુફામાંથી કોઈને બહાર નીકળતા જોયું નહીં, એટલે શિયાળે એક યુક્તિ કરી. શિયાળ ગુફા સાથે વાત કરવા લાગ્યો, 'ગુફા રે ગુફ!' આજે કેમ તું કંઇ બોલતી નથી? હું રોજ શિકારેથી આવું ત્યારે તું બોલતી હોય છે કે 'આવો આવો શિયાળ ભાઈ' આજે તને શું થયું છે? તું કેમ કંઇ બોલતી નથી. તું બોલીશ નહીં તો હું પાછો ચાલ્યો જઇશ.


ગુફામાં બેઠેલો સિંહ વિચારમાં પડી ગયો, 'ગુફા રોજ શિયાળને આવકારો આપતી હશે?' પરંતુ આજે મારી બીકને લીધે ગુફા પણ બોલતી બંધ થઇ ગઇ. તો લાવ ગુફાને બદલે હું જ શિયાળને આવકારો આપુ હું નહી બોલીશ તો હાથમાં આવેલો શિકાર પણ જતો રહેશે.

એટલે સિંહ બોલ્યો, 'આવો! આવો!' સિંહનો અવાજ સાંભળી શિયાળને ખાતરી થઇ ગઇ કે સાચે જ ગુફામાં સિંહ બેઠો છે અને તે મારો શિકાર કરવા માંગે છે. અને તે ત્યાંથી ઊભી પૂછડિયે ભાગી ગયો.

થોડીવાર થઈ, કલાક થયો શિયાળ ગુફામાં આવ્યો નહીં. એટલે સિંહ ગુફામાંથી બહાર આવ્યો અને જોયું તો શિયાળ તો ક્યાંય દેખાઇ રહ્યો નહતો. સિંહને લાગ્યો કે મારા અવાજથી તે ભાગી ગયો. આમ સિંહ ભૂખ્યો રહ્યો. સિંહને ખોરાકની શોધમાં આખરે ગુફા છોડવી પડી. શિયાળની આ યુકતી સફળ થઈ. શિયાળ બચી ગયો.

**શિયાળ બોલ્યો, 'જે ચેતીને ચાલે એને પસ્તાવાનો વારો કદી ન આવે'**

## ચાલો ટ્વીટી દોરતા શીખીએ



## યોગ્ય ગણતરી કરો


5 + 7 = ____ (5) 7 + ____ = 12

12 - 5 = ____ (12) 12 - ____ = 5


8 + 5 = ____ (8) 5 + ____ = 13

13 - 8 = ____ (13) 13 - ____ = 8

## ગણતરી કરી યોગ્ય સંખ્યા લખો



## રસ્તો શોધો



# આ દિવાળી કેવી રીતે ઊજવીશું!

આસો વદ અમાસે આનંદ, ઉલ્લાસ અને ઉમંગથી દિવાળીની ઊજવણી કરવામાં આવે છે. દિવાળીને પ્રકાશનો પર્વ કહેવામાં આવે છે. લંકામાં રાવણની બદી સામેની લડાઈમાં ભગવાન રામે વિજય મોળવ્યો અને તેઓ અયોધ્યા પાછા ફર્યા ત્યારે લોકોએ પોતાના ઘરને સુશોભિત કરી દિવાળીના દીવડાઓ પ્રગટાવી, ઘરોની બહાર રંગોળી કરી ઉમળકાભેર રામચંદ્રજીનું સ્વાગત કરી દીપોત્સવ ઊજવ્યો હતો. આમ, ભગવાન રામના અયોધ્યામાં પુનરાગમનની યાદમાં સદીઓથી આપણે દિવાળીનો તહેવાર ઊજવીએ છીએ. દિવાળી આવે એટલે લોકો આખું વર્ષ પોતાના ઘરમાં ખૂણે-ખાંચરે એકઠો થયેલો કચરો કાઢે છે અને ઘરમાં સાફ-સફાઈ કરી, રંગરોગાન કરાવી એકદમ નવું બનાવે છે અને દિવાળીના દિવસોમાં દીવા પ્રગટાવી તહેવારની ઊજવણી કરે છે.

વિદ્યાર્થીઓ પણ દિવાળી વેકેશનની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. આ સમયે લાંબુ વેકેશન હોવાથી વિદ્યાર્થીઓ આનંદમાં આવી જાય છે. તેઓ ફટાકડા ફોડવા, પ્રવાસન સ્થળો પર ફરવા જવું જેવી બાબતોનો આનંદ માણે છે. દિવાળીના વેકેશન પહેલાં જ તહેવારની ઊજવણી માટે નવા કપડાંની ખરીદી શરૂ થઈ જાય છે. જોકે, આ બધાની સાથે વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશનના લાંબા સમયમાં કેટલીક સારી ટેવો પાડવા અને સમાજમાં કંઈક યોગદાન આપવા અંગે પણ વિચારવું જોઈએ.

### પોતાના ખંડની સફાઈ કરો

દિવાળી આવે એટલે સ્વાભાવિક જ ઘરમાં સાફ-સફાઈનું કામ શરૂ થઈ જાય છે. આવા સમયે વિદ્યાર્થીઓએ પોતાનો ખંડ, પોતે જ્યાં અભ્યાસ કરે છે તે જગ્યાની સાફસફાઈ જાતે જ કરવી જોઈએ. દૈનિક અભ્યાસ વખતે મોટાભાગે તમારું પોતાનું સ્ટડી ટેબલ અસ્તવ્યસ્ત રહેતું હોય છે. તમે મોટાભાગે છેલ્લી ઘડીએ બધું કામ કરતા હોવ ત્યારે સ્વાભાવિક જ તમારી નોટબૂક, પુસ્તકો, કમ્પાસ, પેન્સિલ, પેન, રબર વગેરે સ્ટડી ટેબલ પર અથવા આજુબાજુ અસ્તવ્યસ્ત રહેતા હશે. તો દિવાળીમાં તમારા સ્ટડી ટેબલને વ્યવસ્થિત ગોઠવો. પુસ્તકો અને નોટબૂકો જરૂરિયાત મુજબ વ્યવસ્થિત કરો. તમે ક્યારેય ઉપયોગમાં લીધા ન હોય તેવા પુસ્તકોને નજર સામેથી દૂર કરો. તમારા સ્ટડી ટેબલ પર પર્યાપ્ત લાઈટ આવે છે તેની ખાતરી કરો. તમારા ખંડની દિવાલો પર પ્રેરક વાક્યો લખો. તેનાથી અભ્યાસ કરતી વખતે તમારામાં સકારાત્મકતા આવશે.

### કોઈ સ્વયંસેવી સંસ્થામાં જોડાવ અને સમાજમાં યોગદાન આપો

દેશમાં કોઈપણ જગ્યાએ કોઈ કુદરતી આપત્તિ આવે એટલે શાળામાંથી વિદ્યાર્થીઓને તેમના પડોશીઓ પાસેથી ફાળો ઉઘરાવવાની કામગીરી સોંપાતી હોય છે. આ કામગીરીનો મૂળ હેતુ બાળકોમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો હોય છે અને બાળકો ઉત્સાહપૂર્વક આ કામગીરી પૂરી પણ કરે છે. તો દિવાળીમાં પણ તમારી પાસે લાંબો સમય હોય છે. આ સમયનો સદુઉપયોગ કરી તમે કોઈ સ્વયંસેવી સંસ્થામાં સાથે જોડાઈ શકો છો. તમે સ્વયંસેવી સંસ્થામાં જોડાઈ સામાજિક કાર્યોમાં કાર્યરત થશો તો તમને માનસિક શાંતિ મળશે અને સમાજમાં લોકો કેટલાક પડકારો વચ્ચે પણ જીવી રહ્યા છે તેનો ખ્યાલ આવશે. ઉપરાંત તમારા પ્રયાસોથી કોઈનું જીવન બદલાઈ શકતું હોય તો તેનાથી વધુ સારી ઊજવણી શું હોઈ શકે ?



### જરૂરિયાતમંદોને તમારા પુસ્તકોનું દાન કરો

દિવાળી પ્રકાશનો પર્વ હોવાની સાથે નવા વર્ષની ઊજવણીનો પણ તહેવાર છે. પરંતુ સમાજમાં અનેક એવા લોકો છે જેઓના જીવન દિવાળીના સમયમાં પણ અંધકારમય હોય છે. તમારી આજુબાજુના વિસ્તારમાં રહેતા આવા બાળકોને તમારા જૂના થઈ ગયેલા પુસ્તકો, નોટબૂકોનું દાન કરો. તમે તમારા જૂના કપડાનું પણ દાન કરી શકો છો. તમારી આ સહાય કોઈનું જીવન સુધારી શકે છે.

### ગેજેટ્સ બાજુ પર મૂકી પરિવાર સાથે તહેવારની ઊજવણી કરો


આજના સમયમાં વિદ્યાર્થીઓ મોબાઈલ, ટેબ્લેટ્સ જેવા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સના આદી થઈ ગયા છે. તેની લતમાં તેઓ પરિવાર સાથે તહેવારની ઊજવણી કરવાનું પણ ભૂલી રહ્યા છે. તો દિવાળીના તહેવારમાં કેટલાક દિવસ આ ગેજેટ્સ બાજુ પર મૂકીને પરિવાર સાથે આનંદ ઉલ્લાસપૂર્વક તહેવાલનો આનંદ ઉઠાવો. માતાને ઘરની સાફ-સફાઈ, સજાવટમાં મદદરૂપ થાવ.

## બોટલમાં વાદળ બનાવો

### આ સરળ અને મનોરંજક પ્રયોગ સાથે તમારું પોતાનું વાદળ બનાવો

**સામગ્રી**

- એક ખાલી પ્લાસ્ટિકની બોટલ ઢાંકણા સાથે
- પાણી
- દિવાસળી
- પાણીનું વાતાવરણમાં રહેલી હવા સાથે મીશ્રણ થવાથી વાદળ રચાય છે. તો જાણીએ કેવી રીતે બને છે વાદળ.




**સ્ટેપ-૧**
એક બોટલમાં થોડુંક પાણી નાંખો અને ઢાંકણું બંધ કરી દો.




**સ્ટેપ-૨**
પાણીની બોટલને બરાબર હલાવો, જેથી આખી બોટલમાં પાણી ફેલાઈ જાય.



**સ્ટેપ-૩**
બોટલને દબાવો, છોડો અને જૂઓ શું થાય છે.



**સ્ટેપ-૪**
બોટલનું ઢાંકણુ ખોલો અને સળગતી દિવાસળી અંદર નાંખો અને તુરંત ઢાંકણું બંધ કરી દો.




**સ્ટેપ-૫**
ઢાંકણું ખોલો અને બોટલને ફરીથી દબાવો (સ્ટેપ-૩ની જેમ).

વાદળ બને ત્યારે શું થાય છે
બોટલને હલાવવામાં આવે ત્યારે પાણી બોટલમાંની હવા સાથે ભળતા વરાળ બને છે. બોટલમાં ધૂમાડા સાથે આ વરાળનું મિશ્રણ થતાં તે ઘટ્ટ બને છે અને પાણીના ટીપાં રચાય છે. આ ટીપાં બોટલની અંદર હવામાં ધુમાડાની આજુબાજુ ઘટ્ટ બને છે અને પ્રકાશનું પરાવર્તન કરે છે, જેથી તમે સફેદ અથવા ગ્રે રંગના વાદળ જોઈ શકો છો.

## પૂજારીનો કોયડો

એક પૂજારી ઘરેથી કેટલાક ફૂલ લઈને નીકળે છે. રસ્તામાં એક નદી આવે છે. ફૂલ નદીમાં પલાળતા બમણા થઈ જાય છે. આગળ એક મંદિર આવે છે, જ્યાં પૂજારી કેટલાક ફૂલ ચઢાવે છે. ત્યાંથી આગળ જતાં બીજી નદી આવે છે. ફરી નદીમાં ફૂલ પલાળતા તે બમણા થઈ ગયા. આગળ બીજું એક મંદિર આવે છે, તેમાં પણ તે કેટલાક ફૂલ ચઢાવે છે. રસ્તામાં ત્રીજી નદી આવે છે. નદીમાં ફૂલ પલાળતા ફરી તે બમણા થઈ જાય છે. ત્યાર બાદ ત્રીજું મંદિર આવે છે, જ્યાં તે કેટલાક ફૂલ ચઢાવે છે. છેલ્લે પૂજારી પાસે એક પણ ફૂલ બચતું નથી. હવે કેટલાક સવાલના જવાબ શોધો.

**સવાલ :**

**૧. પૂજારી ઘરેથી કેટલા ફૂલ લઈને નીકળ્યો હતો ?**

**૨. પૂજારીએ ત્રણેય મંદિરમાં કેટલા ફૂલ ચઢાવ્યા ?**

**૩. પૂજારી પાસે શા માટે એક પણ ફૂલ બચ્યું નહીં ?**

**જવાબ :**

૧. પૂજારી ઘરેથી X ફૂલ લઈને નીકળે છે. પહેલી નદીમાં ફૂલ પલાળતા 2X થાય છે. પહેલા મંદિરમાં Y ફૂલ ચઢાવે છે. તેની પાસે 2X - Y ફૂલ વધે છે.

૨. બીજી નદીમાં ફૂલ બોળતા બમણા થાય છે. એટલે કે 2X - 2Y થાય છે. બીજા મંદિરમાં Y ફૂલ ચઢાવે છે. તેથી તેની પાસે 4X - 3Y ફૂલ વધે છે.

૩. ત્રીજી નદીમાં ફૂલ પલાળતા બમણા થાય છે. એટલે કે 8X - 3Y થાય છે. ત્રીજા મંદિરમાં Y ફૂલ ચઢાવે છે. તેથી તેની પાસે 8X - 7Y ફૂલ વધે છે. તેથી 8X - 7Y = 0 થાય છે.

આ પ્રશ્નનો જવાબ X=7 અને Y=8 છે. આનો વ્યાપક ઉકેલ X=૭K અને રૂ=૮K છે. Kની જુદી જુદી કિંમતો માટે અસંખ્ય જવાબ મળશે.



**કલ્પેશ અખાણી,**
કે.બી. વકિલ હાઈસ્કૂલ

## ખેલ મહાકુંભમાં એસજેઆઈએસના ત્રણ ખેલાડીઓ ઈનામ જીત્યા





રમત-ગમત વિદ્યાર્થી જીવનનો એકીકૃત ભાગ છે. તે તેમને શિસ્ત, સહયોગની ભાવના અને ખેલભાવના શીખવાડે છે. આ વર્ષે એસજેઆઈએસ શાળાના ધોરણ-૧૦ના ત્રણ વિદ્યાર્થીઓએ અમદાવાદ ખેલ મહાકુંભમાં શાળાનું નામ ઉજ્જવળ કર્યું હતું. સંવિત રંગાણી, મંદાર પિમ્પલ અને ચિરાગ રાઠોડે ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. સંમિત તાલુકા સ્તરે ૪૦૦ મી. રેસમાં પ્રથમ આવ્યો હતો જ્યારે મંદાર ૨૦૦ મી. રેસમાં ત્રીજો ક્રમે રહ્યો હતો. તે શોટ પુટમાં તાલુકા સ્તરે પ્રથમ ઈનામ જીત્યો હતો. સંવિત અને મંદાર ૬ઠ્ઠી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ યોજાનારી રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા સક્ષમ બન્યા છે. શાળાએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

## ગુજરાત ગર્લ્સ એએસઆઈએસસી નેશનલ વૉલીબોલ ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક જીતી



તામિલનાડુના કોઈમ્બતૂરના કોટ્ટાગિરી ખાતે ૨૭મીથી ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ વચ્ચે એએસઆઈએસસી નેશનલ્સ વોલીબોલ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. કોચ રાજેશ સરના માર્ગદર્શન હેઠળ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં વિદ્યાર્થિનીઓની વોલીબોલ ટીમે એએસઆઈએસસી નેશનલ્સ વોલીબોલ ચેમ્પિયનશિસપની સિનિયર અને જુનિયર કેટેગરીમાં ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં તેમણે બંને કેટેગરીમાં સેકન્ડ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત ઈશ્વા પંચાલ, પ્રયાંશી જહાંવર, ચાર્વી પિથાવા, હિમાદ્રી અગ્રવાલ, વૃત્તિ પટેલ, દેવાંશસી સિંહ અને કેવલ પટેલ એસજીએફઆઈ, નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમમાં પસંદ થયાં છે.

## સીસીઆઈએસ ગર્લ્સ ફૂટબોલ અન્ડર-૧૪ની ફાઈનલમાં પહોંચી



સીસીઆઈએસ ગર્લ્સ અન્ડર-૧૪ ખેલમહાકુંભમાં ફૂટબોલની ફાઈનલમાં પહોંચી ગઈ છે. તેમણે આનંદનિકેતન અને રચના સ્કૂલને અનુક્રમે ૧-૦ અને ૨-૦થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તેમણે બીજું સ્થાન મેળવ્યું હતું અને તેઓ વ્યક્તિગત સ્વરૂપે રૂ. ૨,૦૦૦ની ઈનામી રકમ જીત્યા હતા.

## અથર્વ પટેલે અન્ડર-૧૪ સ્ટેટ ઓપન ટેનિસમાં ટાઈટલ જીત્યું

અથર્વ પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ એકેડમી ખાતે ગુજરાત સ્ટેટ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં હર્ષાંક પરીખને હરાવીને અન્ડર-૧૪ ટાઈટલ જીતી લીધું હતું. રોમાંચક ફાઈનલમાં બંને ખેલાડીઓએ પ્રથમ સેટમાં જબરજસ્ત લડાઈ આપી હતી. પરંતુ અથર્વે ટાઈ-બ્રેક દરમિયાન ૭-૬ (૧૨-૧૦)થી સેટ જીતી લીધો હતો જ્યારે બીજો સેટ તેણે ૬-૪થી જીતી લીધો હતો. પ્રથમ રાઉન્ડમાં બે બાદ અથર્વે બીજા રાઉન્ડમાં અયાન પટેલને ૬-૩થી હરાવ્યો હતો. ઉપરાંત તેણે પ્રી-ક્વાર્ટર્સમાં તનય શર્માને ૭-૧થી પરાસ્ત કર્યો હતો.ક્વાર્ટર્સમાં તેણે ઉત્સવ વ્યાસને ૮-૪થી અને સેમિ ફાઈનલમાં તૃશાંગને ૮-૧થી હરાવ્યા હતા.

# ફિલ્મ રીવ્યૂ



# હૃદયને સ્પર્શી જતી બાળસહજ ફિલ્મ

**અભ્યાસમાં નબળા ત્રણ બાળકો પરીક્ષામાં પાસ થવા જાદુગરની મદદ માગે છે અને પછી શું થાય છે?**

**કલાકારો :** કહાન, કરણ અને કુલદીપ, અમિત દિવેટિયા, અર્ચન ત્રિવેદી, સુનિલ વિશરાની, નસીરુદ્દીન શાહ

**કથાઃ** ગુનગુન, બજરંગ અને વકીલ અભ્યાસમાં નબળા છે. તેમને જાણ થાય છે કે તેઓ જે જાદુગર સૂર્યા સમ્રાટ ચાહક છે, તેનો નજીકના શહેરમાં શો ચાલી રહ્યો છે. આથી તેઓ શાળામાં ગાપચી મારીને તેનો શો જોવા જાય છે. ત્યાર બાદ તેઓ પત્ર લખીને પરીક્ષામાં પાસ થવા માટે તેઓ તેમની મદદ માગે છે, કારણ કે તેમનું માનવું છે કે સૂર્યા સમ્રાટની જાદુઈ ટ્રીક જ તેમને પાસ થવામાં મદદરૂપ થઈ શકશે. તેમના આશ્ચર્યવચ્ચે સૂર્યા સમ્રાટ તેમને જવાબમાં એક ભેટ મોકલે છે. જાદુગર તેમને કહે છે બીરબલ નામની એક ઢીંગલી અભ્યાસ કરવા માટે જરૂરી બધી જ વસ્તુઓ તેમને શીખવાડશે, જે તેમને પરીક્ષા દરમિયાન મદદરૂપ થશે.

**સમીક્ષાઃ** ૬૫મા રાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ગુજરાતીમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે એવોર્ડ મેળવ્યો ત્યારથી ઢ ચર્ચાનો વિષય બની છે. ફિલ્મમાં નસીરુદ્દીન શાહના કેમીઓ અને ત્રણ બાળકો કહાન, કરણ પટેલ અને કુલદીપ સોઢાની પણ ખૂબ જ ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મની સ્ટોરી લાઈન કંઈક અંશે કિર્તન પટેલની ફિલ્મ બેક બેન્ચરની યાદ અપાવે છે, પરંતુ ફિલ્મને એકદમ અલગ જ ટ્રીટમેન્ટ આપવામાં આવી છે. નિર્દેશક મનિષ સૈનિએ એક નાના શહેરની રસપ્રદ પૃષ્ઠભૂમીની પસંદગી કરી છે અને વાર્તામાં ઉપદેશ આપવાનો પ્રયાસ કરવાના બદલે તેને હળવી-શૈલીમાં રજૂ કરી છે તથા તેને વાસ્તવિક અને જીવંત રાખી છે.

ફિલ્મના ટાઈટલ દરમિયાન દર્શાવાયેલી ડૂડલ આર્ટ ખૂબ જ સુંદર છે અને તે જ રીતે ફિલ્મના સંવાદનો પણ ખૂબ જ રસપ્રદ અને મનોરંજક છે. 'મહાત્મા ગાંધીનું હથિયાર એક લાકડી હતી' કે 'હું જાદુથી શાળાને ઊંધી કરી દઉં' જેવા સંવાદો તેમજ અથવા 'જાદુગર સૂર્ય સમ્રાટે ભારત-પાકિસ્તાનની સરહદ ગાયબ કરી દીધી'નું મથાળુ વાંચી બાળકો પાકિસ્તાન જવા બસની ટીકીટ માગે છે તેવા દશ્યો તમને ખડખડાટ હસવા મજબૂર કરી દે છે. એક સારી પટકથા, વાસ્તવિક સ્થળો અને પાત્રો દરેક પ્રેક્ષકોને તેમના ભૂતકાળ સાથે સાંકળે છે. મેઘધનુષનું સંગીત આ ફિલ્મનું ખૂબ જ સબળ પાસુ છે. ખાસ કરીને અથવા 'ઉડનખટોલુ' ગીત નિરાશ અને ખુશી બંને પ્રસંગોમાં તમને અદ્‌ભૂત અનુભૂતિ આપે છે. મધ્યાંતર પહેલાં ફિલ્મ તમને થોડીક ધીમી લાગી શકે છે, પરંતુ પાછળથી ફિલ્મ ખૂબ જ રોમાંચક બને છે અને ગતિ પકડે છે.


અમિત દિવેટિયા શાળાના આચાર્ય તરીકે જ્યારે બ્રિજેન્દ્ર કાલા અને સુનિલ વિશરાની તેમના ઉમદા અભિનયથી ફિલ્મને મનોરંજક બનાવે છે. નસીરુદ્દીન શાહ જાદુગર સૂર્ય સમ્રાટ તરીકે અદ્‌ભૂત દેખાય છે અને પ્રેમાળ દાદાજી તરીકે અર્ચન ત્રિવેદી ચાહકોને ખૂબ જ ગમે તેવા છે.

આ બધા જ પરિપક્વ કલાકારો ફિલ્મને એક ઊંચાઈ પર લઈ જાય છે. તેમ છતાં ફિલ્મનો વાસ્તવિક જીવ ત્રણ બાળકો કહાન, કરણ અને કુલદીપ છે, જે ગુનગુન, કપીલ (વકીલ) અને બજરંગ તરીકે ફિલ્મમાં ભરપૂર મનોરંજન લઈ આવે છે. તેમનો અભિયન કુદરતી છે અને બાળકોની ફિલ્મ માટે જરૂરી નિર્દોષ તત્વ તેઓ લઈ આવે છે.

આમ, એકંદરે આ એક પારિવારિક મનોરંજક ફિલ્મ છે, જે દર્શકોને એક નાનો અને સુંદર સંદેશ આપે છે. ફિલ્મ પૂર્ણતાની નજીક છે અને નિશ્ચિતપણે હૃદયને સ્પર્શી જાય છે.

# જેઈઈ મેઈનની ઓનલાઈન પરીક્ષાઃ સમસ્યાઓ અને ઉકેલ

વર્ષ ૨૦૧૮ પહેલાં એન્જિનિયરિંગના ઉમેદવારો જેઈઈ મેઈનમાં ઓફલાઈન પરીક્ષાની પસંદગી કરી લેતા હતા અને ઓનલાઈન પરીક્ષા આપવામાંથી બચી જતા હતા, પરંતુ વિદ્યાર્થીઓ આ વર્ષે જેઈઈ મેઈનની પરીક્ષામાં આવું નહીં કરી શકે, કારણ કે આ વર્ષે આ પરીક્ષા માત્ર ઓનલાઈન માધ્યમમાં જ લેવાશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલયના આદેશ મુજબ વર્ષ ૨૦૧૮થી સીબીએસઈની જગ્યાએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જેઈઈ મેઈનની પરીક્ષા કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (સીબીટી) માધ્યમથી વર્ષમાં બે વખત યોજાશે. તેથી વિદ્યાર્થીઓને જેઈઈ મેઈન ૨૦૧૯ની પરીક્ષામાં બેસતા પહેલા ઓનલાઈન પરીક્ષા એટેમ્પ્ટ કરવા અંગે સારી રીતે જાણ હોવી જોઈએ. આજે અમે વિદ્યાર્થીઓને કમ્પ્યુટર આધારિત ટેસ્ટને એટેમ્પ્ટ કરતી વખતે ઊભી થનારી મુશ્કેલીઓ અંગે જણાવીશું. તેની સાથે અમે કેટલીક એવી ટીપ્સ પણ આપીશું, જે વિદ્યાર્થીઓને ઓનલાઈન પરીક્ષામાં માર્ક્સ લાવવામાં મદદ કરશે.



## આત્મવિશ્વાસમાં ઉણપ

આપણી પરીક્ષા પદ્ધતિના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ ઓફલાઈન પેપર આપવાનું વધુ સરળ સમજે છે અને તેનું કારણ છે ધોરણ ૧થી જ ઓફલાઈન પદ્ધતિથી પરીક્ષા આપવી. તેથી જેઈઈ મેઈન ૨૦૧૯ સીબીટી પરીક્ષા અટેમ્પ્ટ કરતી વખતે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે. આપણે જાણીએ જ છીએ કે કોઈપણ વસ્તુનો આપણે પહેલી વખત અભ્યાસ કરીએ ત્યારે આપણો આત્મવિશ્વાસ ઓછો હોય છે, પરંતુ વારંવાર અભ્યાસ કરતા આપણો આત્મવિશ્વાસ વધવા લાગે છે. તેથી વિદ્યાર્થીઓએ વધુમાં વધુ ઓનલાઈન ટેસ્ટ અટેમ્પ્ટ કરવી જોઈએ. જેથી તેઓ પૂરા આત્મવિશ્વાસથી પરીક્ષા અટેમ્પ્ટ કરીને સારો દેખાવ કરી શકે.

## ઓનલાઈન પેટર્નથી પરીચિત ન હોવું

મોટાભાગના ઉમેદવાર જેઈઈ મેઈનની ઓનલાઈન પેટર્નથી પરિચિત નથી હોતા. ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાસે રીવ્યૂ અને માર્ક કરેલા જવાબ બદલવા જેવા અનેક વિકલ્પ હોય છે, પરંતુ વિદ્યાર્થીઓને તેની જાણ નથી હોતી. તેથી વિદ્યાર્થીઓએ સૌથી પહેલા કમ્પ્યૂટર સ્ક્રીન પર અપાયેલી સૂચનાઓ ધ્યાનથી વાંચવી જોઈએ, જેથી ઓનલાઈન ટેસ્ટમાં મળતા દરેક વિકલ્પનો વિદ્યાર્થીઓ ભરપૂર ઉપયોગ કરી શકે.

## કમ્પ્યૂટર સ્ક્રીન પર વાંચવામાં મુશ્કેલી પડવી

બધા વિદ્યાર્થીઓ જેઈઈ મેઈનની તૈયારી માટે દૈનિક ૪થી ૫ ક્લાક સુધી અભ્યાસ તો કરે છે, પંરતુ તેના માટે તેઓ હંમેસા ઓફલાઈન સ્ટડી મટિરિયલ (પુસ્તકો, હાથથી લખેલી નોંધ)નો ઉપયોગ કરે છે. જેથી તેમને લાંબા સમય સુધી કમ્પ્યૂટર સ્ક્રીનને જોવાની આદત નથી હોતી. જેના કારણે તેમને જેઈઈ મેઈન ૨૦૧૯ની સીબીટી પરીક્ષામાં સતત ૩ ક્લાક સુધી કમ્પ્યૂટર સ્ક્રીન પર પ્રશ્નો વાંચવામાં મુશ્કેલી પડી શકે છે. તેથી વિદ્યાર્થીઓએ તૈયારી દરમિયાન ઓફલાઈન સ્ટડી મટિરિયલની સાથે ઓનલાઈન સ્ટડી મટિરિયલ પણ રીફર કરવું જોઈએ. વિદ્યાર્થીઓ પોતે હાથથી બનાવેલી નોંધને સ્કેન કરાવીને કમ્પ્યૂટર પર વાંચી શકે છે.

## માઉસ ચલાવવામાં મુશ્કેલી પડવી

કેટલાક વિદ્યાર્થી તૈયારી દરમિયાન ઓનલાઈન ટેસ્ટ એટેમ્પ્ટ તો કરે છે, પરંતુ તેના માટે તેઓ ટેબલેટ અને મોબાઈલનો ઉપયોગ કરે છે. ટેબલેટ અને મોબાઈલમાં ટચ સ્ક્રીન ડિસ્પ્લેના કારણે વિદ્યાર્થીઓને માઉસનો ઉપયોગ કરવાની આદત છૂટી જાય છે. તેથી વિદ્યાર્થીઓએ હંમેશા ઓનલાઈન ટેસ્ટ કમ્પ્યૂટર પર જ અટેમ્પ્ટ કરવી જોઈએ. જેથી તેમને પરીક્ષા દરમિયાન માઉસનો ઉપયોગ કરવામાં કોઈ મુશ્કેલી ન પડે.

## સ્ક્રીન પરથી ખોટા આંકડાની નોંધ કરવી

જેઈઈ મેઈનની ઓફલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીઓ મોટાભાગે પ્રશ્નપત્ર પર જ નાની-નાની ગણતરી કરી લેતા હતા, જેનાથી ભૂલ થવાની સંભાવના ઓછી રહેતી હતી. ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીઓને નાની-નાની ગણતરી કરવા માટે રફ શીટનો આધાર લેવો પડે છે. અને તેનાથી સ્ક્રીન પરથી ખોટા આંકડા લખવાની સંભાવના ઘણી વધી જાય છે. તેથી વિદ્યાર્થી જ્યારે પણ કોઈ આંકડા (વેલ્યુ) રફ શીટ પર લખે છે તો તેનો ઉકેલ લાવતા પહેલા તે આંકડા કમ્પ્યૂટર સ્ક્રીન પર ફરીથી ચેક કરી લેવા જોઈએ. આવું કરવાથી તેમના દ્વારા ખોટા આંકડા લખવાની સંભાવના એકદમ ઓછી થઈ જશે અને પ્રશ્ન ફરીથી કરવા માટે તેમનો સમય પણ બરબાદ નહીં થાય.

## આકલન

વિદ્યાર્થી આ બધી બાબતોનું ધ્યાન રાખીને આગામી જેઈઈ મેઈનની ઓનલાઈન પરીક્ષામાં સારા માર્ક્સ લાવી શકે છે. આ વર્ષે જેઈઈ મેઈનની પરીક્ષા માત્ર ઓનલાઈન માધ્યમથી જ થશે. જેનાથી વિદ્યાર્થીઓની કમ્પ્યૂટર આધારિત ટેસ્ટ આપવી ફરજિયાત થઈ ગયું છે.

# જાણો જેઈઈ પરીક્ષામાં અગાઉ ટોપ કરનારા વિદ્યાર્થીઓએ તૈયારી કેવી રીતે કરી

એન્જિનિયર બનવા માગતા વિદ્યાર્થીઓનું પહેલું સપનું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી)માં પ્રવેશ મેળવવાનું હોય છે. જોકે તેના માટે તેમણે સૌથી મુશ્કેલ અને મુખ્ય પરીક્ષા એટલે કે આઈઆઈટી જેઈઈમાં સારા માર્ક્સ મેળવવા જરૂરી હોય છે. જેઈઈ મેઈન, જેઈઈ એડવાન્સ્ડ, યુપીએસઈઈ, ડબલ્યુબીજેઈઈ જેવી વિવિધ એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષાઓમાં સારા માર્ક્સ લાવવા માટે બધા વિદ્યાર્થી આકરી મહેનત કરતા હોય છે, પરંતુ કેટલાક જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ટોપ કરી શકે છે અને કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરવા માટે પણ ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે.

કેટલાક વિદ્યાર્થી વિચારે છે કે તેમનામાં આઈઆઈટી જેઈઈની પરીક્ષામાં ટોપ કરવવાની ક્ષમતા નથી. પરંતુ એવું વિચારવું એકદમ અયોગ્ય છે. એવું નથી કે જે વિદ્યાર્થી આઈઆઈટી જેઈઈની પરીક્ષામાં ટોપ કરે છે તે અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં વધુ બુદ્ધિશાળી હોય છે. જે વિદ્યાર્થી આ પરીક્ષાની તૈયારી દરમિયાન બધું ભૂલીને પરીક્ષા ક્રેક કરવા માટે ૧૦૦ ટકા પ્રયાસ કરે છે તે નિશ્ચિતરૂપે પરીક્ષા પાસ કરવાની સાથે ટોપ પણ કરી લે છે.

વિદ્યાર્થીઓ જ્યારે આઈઆઈટી જેઈઈની પરીક્ષાની તૈયારી કરે છે ત્યારે તેમના મનમાં હંમેશા એક સવાલ થતો હોય છે કે અગાઉ જે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ટોપ કરી ગયા છે તેમણે કેવી મહેનત કરી હશે? પરીક્ષા ક્રેક કરવા માટે તેમનું આયોજન શું હશે ? આઈઆઈટી જેઈઈ ટોપ કરનાર વિદ્યાર્થીઓ હંમેશા અન્ય વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ક્રેક કરવા માટેનો પ્રેરણાસ્ત્રોત બની રહે છે. આવો જાણીએ એ બાબતો અંગે જે નિશ્ચિતરૂપે વિદ્યાર્થીઓને મદદરૂપ થશે.

**સ્ટડી મટિરિયલઃ** વિદ્યાર્થીઓ આઈઆઈટી જેઈઈની પરીક્ષાની તૈયારી ટોપર્સ દ્વારા ઉપયોગમાં લેવાયેલા સ્ટડી મટિરિયલથી કરી શકે છે. જેનાથી સ્ટડી મટિરિયલ શોધવામાં તેમનો વધુ સમય બગડશે નહીં. અને તેઓ સ્ટડી મટિરિયલ અંગે પણ મુંઝવણમાં નહીં મૂકાય.

**કોચિંગ સંસ્થાઓઃ** આઈઆઈટી જેઈઈ જેવી મુશ્કેલ પરીક્ષાઓ માટે સૌથી વધુ જરૂરી હોય છે કન્સેપ્ટ્સ ક્લિયર થવો. જેના માટે વિદ્યાર્થી સેલ્ફ સ્ટડી અથવા કોઈ કોચિંગ સંસ્થા સાથે જોડાઈ શકે છે. વિદ્યાર્થી તેના માટે પણ આઈઆઈટી જેઈઈ ટોપર્સની મદદ લઈ શકે છે.

**ટાઈમ ટેબલઃ** કોઈપણ પરીક્ષા ક્રેક કરવા માટે માત્ર ટાઈમ ટેબલ બનાવવું જરૂરી નથી હોતું. તેની સાથે વિદ્યાર્થીઓએ તેનું પાલન પણ કરવું જોઈએ. વિદ્યાર્થી પરીક્ષા માટે અસરકારક ટાઈમ ટેબલ બનાવવામાં પણ ટોપર્સની મદદ લઈ શકે છે.

**પેપર અટેમ્પ્ટ કરવા માટેના સૂચનોઃ** ક્યારેક-ક્યારેક વિદ્યાર્થી આઈઆઈટી જેઈઈની પરીક્ષાની તૈયારી તો ખૂબ જ સારી રીતે કરી લે છે, પરંતુ પરીક્ષામાં વધુ પ્રશ્ન અટેમ્પ્ટ કરી લે છે અને નેગેટિવ માર્કિંગના કારણે તેમના માર્ક્સ ઘટી જાય છે. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં સારા રેન્કિંગ લાવવા માટે કેટલા પ્રશ્નનો જવાબ આપવાનો છે તેના માટે પણ ટોપર્સની મદદ લઈ શકે છે.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210